# ન્યૂ શાયોના ઈન્ટરનેશનલ સ્કૂલમાં આન-બાન- શાનથી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી














**ઘાટલોડિયા** વિસ્તારમાં આવેલી ન્યૂ શાયોના ઇન્ટરનેશનલ સ્કૂલમાં ટ્રસ્ટી સુરેશભાઈ પટેલના નેતૃત્વમાં ગર્વની લાગણી સાથે ૧૫મી ઓગસ્ટના ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. જેમાં શાળાના આચાર્ય, સમસ્ત શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આજના આ શુભ દિવસે દેશભક્તિના રંગે રંગાયેલા શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં ડાન્સ, નાટક તેમજ દેશભક્તિ દર્શાવતા ગીતો જેવા સુંદર કાર્યક્રમોની રજૂઆત કરાઈ હતી. આ કાર્યક્રમની સાથે સાથે આજ કેમ્પસમાં આવેલી પ્રેસિડેન્ટ સાયન્સ કોલેજના તેજસ્વી તારલાઓ જેમણે ગુજરાત યુનિવર્સિટીની ટોચના ૫૦ રેન્કિંગમાં પ્રતિષ્ઠિત સ્થાન મેળવ્યું છે. તે વિદ્યાર્થીઓને શાયોના ગ્રૂપના ટ્રસ્ટીઓ દ્વારા તેમના ભાવિ પ્રયાસો માટે આશીર્વાદ સાથે રૂપિયા ૧૧,૦૦૦ના રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ગુજરાત યુનિવર્સિટીની ટોચના ૫૦ રેન્કમાં વિજ્ઞાન પ્રવાહમાં સત્ર-3 અને ૪માં મિશા પ્રજાપતિએ પ્રથમ ક્રમ અને હિતાર્થી પ્રજાપતિએ બીજો ક્રમ મેળવ્યો હતો. જ્યારે સેમેસ્ટર - ૫માં મેઘા પટેલે ૭મો ક્રમ અને નિકિતા પટેલે આઠમો ક્રમ મેળવ્યો હતો. તેવી જ રીતે કોમ્પ્યૂટર એપ્લિકેશન સ્ટ્રીમમાં અર્પણા માખીજાએ સેમેસ્ટર - 3 અને ૪માં અનુક્રમે આઠમો અને ચોથો ક્રમ, કુશ પઢિયારે છઠ્ઠો ક્રમ, આયુષ કોન્ટ્રાક્ટરે નવમો ક્રમ અને રાહુલ પાંડેએ સેમેસ્ટર - ૧માં દસમો ક્રમ મેળવતા શાયોના પરિવાર તરફથી સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન આપ્યા હતા.